# મોબાઈલ સ્નેચીંગ ચોરીના મોબાઈલ ફોનની સાથે બે ઈસમોને ઝડપી પાડતી સુરત ક્રાઈમ બ્રાંચ.

સુરત શહેર વિસ્તારમાં અનડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવા બાબતે સુરત શહેરના ક્રાઈમ બ્રાન્ચના અધિકારી/કર્મચારીઓ કામગીરીમાં હતા દરમ્યાન મળેલ બાતમી આધારે આરોપી (૧) મેહુલ ધીરૂભાઈ ડાભી ઉ.વ.૨૩ રહે-બાપાસીતારામ ટ્રાવેલ્સની ઓફિસ રચના સર્કલ પાસે, કાપોદ્રા, સુરત તથા (૨) સુરેશ ઉર્ફે અજય રવજીભાઈ ભીલ ઉ.વ.૨૧ રહે-એ-૯, ગોકુળનગર સોસા., બીજા ગેટ પાસે રચના સોસા.,ની બાજુમાં કાપોદ્રા ચાર રસ્તા, વરાછા, સુરત શહેર નાઓને કાપોદ્રા ચાર રસ્તા સોમનાથ હોટલની સામેથી એક ગોલ્ડન કલરનો સેમસંગ કંપનીનો J7 મોડલનો ડ્યુઅલ સીમવાળો મોબાઈલ ફોન કિ-૮૦૦૦/- તથા સ્પ્લેન્ડર પ્લસ મો.સા. રજી. નં-GJ-05-PS-1533 કિ.રૂ-૩૫૦૦૦/- ની મત્તાની સાથે શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડવામાં આવેલ.

મજકુર ઈસમોની યુક્તી પ્રયુક્તીથી પુછપરછ કરતા સદરહુ મોબાઈલ ફોન તેઓએ ઉપરોક્ત મો.સા.મારફતે આજથી દસેક દિવસ પહેલા પુણા પાટીયા પાસેથી એક ઈસમના હાથમાંથી ચાલુ વાહને સ્નેચીગ કરેલ હોવાની હકિકત જણાવેલ જે અનુંસંધાને પુણા પો.સ્ટે. I ગુ.ર.નં. ૨૧૭/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯, ૩૫૬,૧૧૪ મુજબનો ગુન્હો દાખલ થયેલ જે વણશોધાયેલ હોય જે શોધી કાઢી પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે.